# ખેતીના પાકોમાં કીટાણુંજન્ય રોગચાળો

## ખેડૂતોની હાલત સુડી વચ્ચે સોપારી જેવી : ગત વર્ષે ઓછા વરસાદથી નુકસાન વેઠ્યુ હતુ : ચાલુ વર્ષે વધુ વરસાદે પાકનો દાટ વાળ્યો

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષ કરતા આ વર્ષે પડેલો વધુ વરસાદ ખેડૂતો માટે આશિર્વાદને બદલે અભિશાપરૂપ સાબિત થયો હોય તેમ દેખાઈ રહ્યુ જેના કારણે જિલ્લામાં વાવેતર કરાયેલ અંદાજે ૩.૫ લાખથી વધુ હેક્ટર જમીનમાં વિવિધ પાકો નષ્ટ થવાના આરે આવી ગયા છે. તે પાછળનું કારણ એ છે કે મોટાભાગના તમામ પાકોમાં કીટાણુજન્ય રોગોનો વ્યાપ વધી ગયો હોવાથી ખેડૂતોની હાલત ન કહેવાય કે ન સહેવાય જેવી બનેલી છે.

સાબરકાંઠા જિલ્લામાં રહેતા ખેડૂતોએ ચોમાસુ પાક તરીકે અંદાજે ૩.૫૦ લાખથી વધુ હેક્ટરમાં ખાસ કરીને કપાસ મગફળી, દિવેલા, શાકભાજી, ડાંગર સહીત મકાઈ અને કઠોળ પાકોનું હોંશભેર વાવેતર કરીને માવજત કર્યા બાદ તૈયાર કરી દીધા છે. દરમ્યાન ગત વર્ષ કરતાં આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં સરેરાશ વરસાદ આશાસ્પદ કહી શકાય તેવો થયો છે.

જેથી શરૂઆતમાં ખેડૂત વર્ગ એવુ માનતો હતો કે ગત વર્ષે થયેલુ નુકસાન કુદરત આ વર્ષે ભરપાઈ કરી આપશે. પરંતુ ખેડૂતોની કમ નસીબી ગણો કે અન્ય કોઈ પરીબળો જવાબદાર હોય તેમ છેલ્લા ૧૫ દિવસથી મગફળી, કપાસ, ડાંગર સહીતના અન્ય પાકોમાં કીટાણુજન્ય રોગચાળાએ પોતાનો વિકરાળ પંજો ફેલાવીને પાકની બરબાદી કરવાનુ શરૂ કરી દીધુ છે. જોકે પાકને બચાવવા માટે ખેડૂતો રાસાયણીક દવાનો ઉપયોગ કરી મથામણ કરી રહ્યા છે.

ખેડૂતનું નસીબ હંમેશા અન્ય લોકો કરતા બે ડગલા પાછળ ચાલતુ હોવાના અનુભવો ભુતકાળમાં અનુભવાયા છે. ત્યારે આ કિટાણુજન્ય રોગચાળો આ વર્ષે પણ ખેડૂતોની હાલત વધુ કફોડી બનાવી દે તેવી શક્યતા નકારી શકાતી નથી. કીટાણુજન્ય રોગચાળા અંગે જિલ્લા ખેતીવાડી અધિકારી વી.કે. પટેલે જણાવ્યુ છે કે ગત વર્ષે ઓછો વરસાદને કારણે ખેડૂતોની નુકસાની વેઠવી પડી હતી. જેની સરખામણીમાં આ વર્ષે નુકસાન ભરપાઈ કરવા માટે ખેડૂતોએ ગત વર્ષ કરતા વધુ હેક્ટર જમીનમાં વાવેતર કર્યુ છે. પરંતુ ફુગ અને કીટાણુજન્ય રોગોએ પાકમાં ભરડો લીધો હોવાથી આ વર્ષે પણ ખેડૂતોને નુકસાની વેઠવી પડે તો નવાઈ નહી.



## ડીસામાં રિસાલા બજારના મુખ્ય માર્ગ પર વરસાદી ભુવો પડતા અકસ્માતની ભીતિ

સતત વેપારથી ધમધમાતા એવા રીસાલા બજારમાં દિવસ દરમિયાન હજારો વાહનોની અવર જવર થતી હોય છે. વાહનોથી સતત ધમધમાતા રિસાલા મુખ્ય સર્કલ નજીક વરસાદના પગલે એક મોટો ભુવો પડી ગયો હોવાના લીધે અહીંથી પસાર થતા વાહનચાલકોને સતત અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. આ મામલે સ્થાનિક વેપારીઓ પણ ઈચ્છી રહ્યા છે કે તાત્કાલિક ધોરણે પાલિકાતંત્ર આ ભુવાનું સમારકામ કરી દેવામાં આવે તો આગામી સમયમાં કોઈ અકસ્માત કે જાનહાની સર્જાય નહિ.

# અંબાજીમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના નાટકો ભજવાયા, વેપારીઓ હેરાન

આવનારા દિવસોમાં અંબાજી ખાતે શ્રદ્ધા નો મહાકુંભ યોજાવાનો છે ત્યારે વહીવટી તંત્ર પણ હવે સજ્જ થયું છે, ગુજરાત ના પવિત્ર અને મોખરાના યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂર્ણિમાનો મહામેળો આવનારા સમયમાં યોજાઈ રહ્યો છે ત્યારે વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર એક્શનમાં આવી ગયું છે ત્યારે ૮ સપ્ટેમ્બરથી ૧૪ સપ્ટેમ્બર સુધી ભાદરવી પુનમનો મહામેળો અંબાજી ખાતે સાત દિવસ સુધી ચાલવાનો છે ત્યારે વહીવટી તંત્ર તરફથી મેળા ને લઈને વિવિધ ટીમો તૈયાર કરાઈ છે.

અંબાજી ખાતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તરફથી અંબાજી ના નિર્દોષ વેપારીઓને હેરાન કરવામાં આવ્યા હતા અને એચડીએફસી બેન્ક પાસે આવેલી નાસ્તાની દુકાન માં તાજા બનાવેલા નાસ્તો ફેંકી દેવામાં આવ્યો હતો અને વેપારીઓ સાથે અસભ્ય વર્તન કરવામાં આવ્યું હતું વેપારીઓનોઆરોપ છે કે વર્ષ દરમિયાન ક્યારેય ફૂડ એન્ડ ડ્રગ વિભાગ વાળા ક ચેકિંગ કરવા આવતા નથી અને મેળા ના સાત દિવસ અગાઉ જ અમને ખોટી રીતે હેરાન કરવામાં આવે છે, આજે અંબાજી ખાતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અહીંના વિવિધ ના સ્ટોલ ઉપર ચેકિંગ કરવા માટે ગયું હતું આ સાથે કેટલાક નમૂના પણ લીધા હતા, બનાસકાંઠા કલેક્ટર, પ્રાંત અધિકારી તાત્કાલિક ધોરણે આ બાબતે અંબાજીના વેપારીઓને હેરાન ન થાય અને મેળો શાંતિ પૂર્ણ રીતે પાર પડે તેવી ગ્રામજનોએ માંગ કરી રહ્યા છે.




## પાલનપુર શ્રી વિજય હનુમાન સંન્યાસ આશ્રમ ખાતે શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ યોજાયો

પાલનપુર શ્રી વિજય હનુમાન સંન્યાસ આશ્રમના મહંત શ્રી રામેશ્વરનંદગીરીજી મહારાજ દ્વારા ૫૦ ક્વાર્ટસ ખાતે આવેલ વિજય હનુમાન મંદિર ખાતે શ્રાવણ વદ-૮ને શનિવારથી બપોરે ૨થી ૬ કલાક સુધી શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ યોજવામાં આવી રહ્યો છે.જેમાં પોથી યાત્રા, શિવ તત્વ કથા, સતી ચરિત્ર કથા,વશિવ પાર્વતિ વિવાહ, ગણેશ કાર્તિકે જન્મોત્સવ, દ્રાદશ જ્યોતિલીંગ કથાનું અમદાવાદના પુરાણ પીએચડી પૂજ્ય ડો.શ્રી પુરૂષોત્તમ આચાર્યજી દ્વારા રસપાન કરાવવામાં આવી રહ્યુ છે.

# પાલનપુરના બ્રિજેશ્વર કોલોની વિસ્તારમાં રસ્તાનું સમારકામ ન થતાં કાદવ-કીચડથી લોકો ત્રાહિમામ

## વરસાદી પાણીના નિકાલની કામગીરી પૂર્ણ કરાયા બાદ બિસ્માર રસ્તો બન્યો નર્કાગાર

પાલનપુર શહેરના બ્રિજેશ્વર કોલોની વિસ્તારમાં વરસાદની ઋતુમાં પાણી ભરાવવાની



ભારે સમસ્યાને પગલે નગરપાલિકા દ્વારા તાજેતરમાં જ વરસાદી પાણીના નિકાલની કામગીરી હાથ ધરાઈ હતી. જો કે વરસાદી પાણીના નિકાલની કામગીરી પૂર્ણ થયા બાદ તોડેલા રસ્તાનું સમારકામ ન કરવામાં આવતા હાલમાં ચોમાસાની ઋતુ દરમિયાન કાદવ કીચડ અને ઉબડ ખાબડ રસ્તાથી વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં વિકાસના કામોમાં વ્યાપક ગેરરીતિને પગલે અવાર નવાર લોકોને ભોગવવાનો વારો આવે છે. તેમાં ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં રસ્તાઓ અને ભૂગર્ભ ગટરના કામમાં વ્યાપક ગેરરીતી ની રાવ વચ્ચે તાજેતરમાં જ શહેરના બ્રિજેશ્વર કોલોની વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બ્રિજેશ્વર કોલોની વિસ્તારમાં દર વર્ષે ગળાડૂબ પાણી ભરાઈ જતા હોય લોકોને ઘરવખરી પણ પાણીમાં ડુબી જતી હોવાથી પાણી ભરાવાની સમસ્યાને કાયમી ઉકેલ લાવવા માટે વરસાદી પાણીના નિકાલની કામગીરી હાથ ધરાઈ હતી. અને આ કામગીરી દરમિયાન આ વિસ્તારથી માંડી કંથેરીયા હનુમાન સુધી રસ્તો તોડી દેવામાં આવ્યો હતો.

જોકે આ કામગીરી પૂર્ણ થયા બાદ હજુ સુધી રસ્તાનું સમારકામ કરવામાં ન આવતા આ માર્ગેથી પસાર થતા વાહન ચાલકો તેમજ રાહદારીઓ પણ કાદવ કિચડ તેમજ ઉબડ ખાબડ રસ્તાથી ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. બીજી તરફ શહેરના અન્ય વિસ્તારોમાં પણ રસ્તાઓ તૂટી જવાથી પાણી ભરાઈ રહેવાની સમસ્યા અને ઉબડ ખાબડ રસ્તાઓથી લોકોને પડતી મુશ્કેલી સંદર્ભે પગલાં ભરાય તેવી માંગ ઉઠી છે.

# પાલનપુરના શિવમ નગરમાં ગંદા પાણીનો જાહેરમાં નિકાલ કરાતા રોગચાળાની ભીતિ

પાલનપુર આઈટીઆઈ પાછળ આવેલ શિવમ નગરની ગટર ચોકઅપ થઈ ગઈ છે.તેમજ કેટલાક રહીશો દ્વારા ગદા પાણીનો રહે છે.અને મચ્છરોનો ઉપદ્રવ થતો હોવાથી સ્થાનિક રહીશોમાં રોગચાળાની ભિતી સેવાઈ રહી છે.



જાહેરમાં નિકાલ કરાતા સ્થાનિક રહીશોને રોગચાળાની ભિતી શેવાઈ રહી છે.જેથી પાલિકા દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

પાલનપુર આઈટીઆઈ પાછળ આવેલ શિવમનગરમાં ગટર લાઈન ચોકઅપ થઈ ગઈ છે.જેના કારણે ગંદુ પાણી જાહેર રોડ ઉપર ભરાઈ

આ બાબતે અવાર-નવાર પાલિકામાં તેમજ સ્થાનિક કોર્પોરેટરને રજુઆત કરવા છતા કોઈ નિકાલ આવ્યો નથી.જેના કારણે વિસ્તારમાં ઠેર-ઠેર બિમારીમાં લોકો સપડાયા છે.તો આ બાબતે પાલિકા દ્વારા ગટરલાઈન ખુલ્લી કરવામાં આવે અને તુટેલો રોડ રીપેરીંગ કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોની માંગ ઊઠી છે.

## ડીસામા મોબાઈલ ટાવરની બેટરીઓ અને કાર્ડની ચોરી

ડીસામાં રિલાયન્સ ટાવરની ખુલ્લી જગ્યામાંથી ચોવીસ બેટરીઓ તથા ચાર કાર્ડ મળી કુલ ૧,૮૪૦૦૦ હજારની મુદામાલ ચોરાયો હતો.સીસીટીવીમા કોઈ પિક અપ ડાલામા આવેલ શખ્સે તેની ઉઠાંતરી કરી હોવાનું ખુલ્યું હતું.

મળતી વિગતો મુજબ પાલનપુર ખાતે રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા અનિલભાઈ કાન્તિલાલ સોનીએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદમાં જણાવ્યું હતું કે ડીસા પાલનપુર હાઈવે પર આવેલ જ્યોત હોટલ પાસે રિલાયન્સ કંપનીના મોબાઈલ ટાવર આવેલ છે .જેમાં છોટો કંપનીની જી એમ એફ પાંનસો મોડલ ની ઈલેક્ટ્રીક બેટરી તથા કાર્ડ લગાવ્યા હતા. ૨૩ ઓગસ્ટના રોજ તેઓ વિઝીટ કરતા કુલ ૨૪ બેટરીઓ તથા ચાર કાર્ડ જોવા મળ્યા ન હતા તેઓએ સીસીટીવી કેમેરા ચેક કરતાં ૨૨ ઓગસ્ટ ના રોજ સફેદ કલરની પીકપ ગાડીમા આવેલ માણસ બેટરી ભરીને લઈ જતો જોવા મળ્યો હતો પીક પ ડાલાની બાજુમાં મોટા અક્ષરે મેલડી મંડપ લાઈટિંગ રાણીવાડા લખેલું પણ જોવા મળ્યું હતું જેથી તેઓએ ૨૪ બેટરી અને ૪ કાર્ડ ની કિંમત મળી ૧,૮૪૦૦૦નો મુદામાલ ચોરાયા મામલે ડીસા દક્ષીણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

# માલપુર વાત્રક નદીમાં માછીમારી કરી પેટિયું રળતા લોકો પર વાત્રક ડેમના કોન્ટ્રાક્ટરે તરાપ મારી

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના માલપુર નજીકથી પસાર થતી વાત્રક નદીમાં વર્ષોથી નદીના આજુબાજુ અને માલપુરમાં રહેતા ગરીબ પરિવારો વર્ષોથી માછીમારી કરી જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે. વાત્રક ડેમમાં ફિશરીઝ વિભાગ દ્વારા માછીમારીનો કોન્ટ્રાક આપવામાં આવ્યો છે. કોન્ટ્રાક્ટર દ્વારા મનમાની કરી ગરીબ પરિવારોને માછીમારી કરવાની ના પાડવામાં આવતા અને ગરીબ પરિવારો માછીમારી કરે તો માછીમારી કરવામાં માટે ઉપયોગમાં લેવામાં આવતી જાળ સહીત માલસામાન પણ છીનવી લેવામાં આવતા ગરીબ પરિવારોની રોજી રોટી છીનવાતા ગુજરાત વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગત ગરીબ પરિવારોને ન્યાય અપાવવા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ગરીબ માણસોને ન્યાય આપવાની માંગ કરી હતી.

### ભૂખ હડતાલ પર ઉતારવાની ચીમિકી

માલપુર તાલુકામાં ગરીબ પરિવારો વાત્રક નદીમાં વર્ષોથી માછીમારી કરીને પોતાના પરિવારનું ગુજરાત ચલાવે છે. વાત્રક ડેમમાં માછીમારીનો કોન્ટ્રાકટ ધરાવતા આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર જે મત્સઉદ્યોગના કોન્ટ્રાક્ટરોને વાત્રક ડેમનો કોન્ટ્રાક આપવામાં આવ્યો છે અને માલપુરથી વાત્રક ડેમ પંદર કિલો મિટર દૂર છે તેથી આ કોન્ટ્રાક્ટરોને માલપુર સીમમાં આવેલી નદીનો હક્ક નથી લાગતો, તેમ છતાં કોન્ટ્રાક્ટરો મનમાની ચલાવી રહ્યા છે માછીમારી બંધ થતા પરિવારનું ગુજરાન ચલાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



કોન્ટ્રાક્ટરની મનમાની અને દાદાગીરીના પગલે ગરીબ પરિવારો પર આભ તૂટી પડ્યું છે. માલપુરની વાત્રક નદીમાંથી માછીમારી કરતા પરિવારોની માછીમારી કરવા જતા કોન્ટ્રાક્ટરે માછલી પકડવાની સાધન સામગ્રી છીનવી લેવાઈ હતી અને વાત્રક નદીમાં માછીમારી કરતા પરિવારોને ધાક ધમકી આપવામાં આવતા માછીમારી કરતા પરિવારોએ ગુરુવારે જીલ્લા કલેકટરને આવેદન પત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

ગુજરાત વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગતે માછીમારી કરતા પરિવારોના સમર્થનમાં ગરીબ પરિવારોને સત્વરે ન્યાય અપાવવાની માંગ કરી મનમાની કરતા કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવાની માંગ સાથે વાત્રક નદીમાં ગરીબ પરિવારોને માછીમારી કરતા અટકાવવામાં આવશે તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## બનાસકાંઠા એસઓજીની ટીમે ગાંજાના કેસમાં

# ૧.૫૦ લાખનો તોડ કર્યો હોવાના આક્ષેપથી ખળભળાટ

## ડીસાના બટાકાના વેપારીઓએ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપ્યું

બનાસકાંઠા એસઓજીની ટીમે ડીસાના બટાકાના વેપારીઓ પાસેથી ગાંજાના છોડ મળવા



બાબતે રૂપિયા ૧.૫૦ લાખનો તોડ કર્યો હોવાના આક્ષેપ સાથે જિલ્લા પોલીસવડાને લેખિત રજૂઆત કરવામાં થતાં જિલ્લાના પોલીસબેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે.

ડીસા – ભીલડી હાઈવે નજીક વિકાસ કોલ્ડ સ્ટોરેજ ધરાવતાં અશ્વિનકુમાર ખેતાજી માળીએ જિલ્લા પોલીસવડાને લેખિતમાં રજૂઆત કરી આક્ષેપો કરતાં જણાવ્યું હતુ કે, તારીખ ૪-૮-૨૦૧૯ના રોજ તેઓ કોલ્ડસ્ટોરેજ ઉપર હતા. તે દરમિયાન ખાનગી કાર નં. જીજે. ૧૩. એન.એન. ૩૧૦૧માં ખાનગી ડ્રેસમાં આવેલા ત્રણ વ્યકિતઓએ પોતાની ઓળખ ગાંધીનગર સ્પેસ્યલ બ્રાંચની આપી પરપ્રાંતિય મજુરો અંગે પુછપરછ કરી હતી. જે બાદ ફોન કરતાં પોલીસની જીજે. ૧૮. જીબી. ૦૭૩૪ નંબરની ગાડી ત્યાં આવી હતી. જેમાં રહેલા અધિકારી તેમજ સ્ટાફે કોલ્ડ સ્ટોરેજ નજીક ઉગેલા ગાંજાના છોડ બતાવી મારા ભાઈ શાંતિભાઈ અને પિતા ખેતાજી તેજાજી માળીને ત્યાં બોલાવી નારકોટીક્ષનો કેસ કરવાની ધમકી આપી હતી. અને જો પતાવટ કરવી હોય તો રૂપિયા ૧૦,૦૦,૦૦૦ની માંગણી કરી હતી. જેમાં આખરે ખેતાજી માળીએ રૂપિયા ૧,૮૦,૦૦૦માં પતાવટ કરવાની વાત કરી હતી. આથી એસઓજીના આ અધિકારી અને તેમની સાથેના સ્ટાફે આખોલ બ્રીજના ભીલડી બાજુના છેડે હનુમાનજીના મંદિર પાસે અનીલભાઈ પાસે મંગાવેલા રૂપિયા ૧,૫૦,૦૦૦ લઈને રવાના થઈ ગયા હતા.

### ડીસાના અન્ય આક્ષેપમાં ડીવાયએસપી દ્વારા તપાસ ચાલી રહી છે

બનાસકાંઠા એસઓજીની ટીમ દ્વારા અગાઉ પણ ડીસાના લક્ષ્મીનારાયણ કોલ્ડ સ્ટોરેજના માલિક પાસેથી રૂપિયા ૨.૫૦નો તોડ કર્યો હોવાના આક્ષેપો ઉઠવા પામ્યા હતા. જેની તપાસ ડીવાયએસપીને સોંપવામાં આવી છે. દરમિયાન અન્ય વેપારી દ્વારા પણ તોડના આક્ષેપો થતાં બનાસકાંઠા પોલીસબેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

## મેઘરજના બેલ્યો ગામના બે ભત્રીજાઓએ

# કાકાને દારૂ પીવડાવી મોતને ઘાટ ઉતાર્યો

ગુજરાતમાં દારૂબંધી નામ પૂરતી રહી જતા દારૂની રેલમછેલ થતા દારૂ પીને અને પીવડાવીને અનેક હત્યાની ઘટનાઓને અંજામ અનેક લોકોના કાસળ કાઢી નાખવામાં આવ્યા છે. મેઘરજ તાલુકાના બેલ્યો ગામના બે શખ્સોએ મહીસાગર જીલ્લાના રૂજડા ગામે રહેતા કૌટુંબિક કાકાને ઉઘરાણીના બહાને લાવી દારૂ પીવડાવી ગળું દબાવી મોતને ઘાટ ઉતારી મૃતકની લાશને ઠેકાણે પાડવા બાઈક પર લઈ માલપુર, મોડાસા અને અન્ય માર્ગો પરથી પસાર થઈ ભિલોડાના જનાલીટાંડા અને કાળી ડુંગરી નજીક લાશને અકસ્માતમાં ખપાવવા ફેંકી દીધી હતી. બિનવારસી મળેલી લાશના ૧૩ દિવસના સમયગાળામાં પીએમ રિપોર્ટના આધારે ઉકેલી દઈ હત્યા કરનાર બે શખ્સો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



૧૫ ઓગસ્ટ-૨૦૧૯ના રોજ મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના રૂજડા ગામે રહેતા જ્યંતિભાઈ વણઝારાને પૈસાની ઉઘરાણી કરવા જવાનું હોવાનું મેઘરજના બેલ્યો ગામે રહેતા કૌટુંબિક બે ભત્રીજાઓ હરજી ઠાકરુ વણઝારા અને ધર્મા શ્રવણ વણઝારા નામના શખ્સો ઘરેથી બાઈક પર લઈ જઈ જંગલ વિસ્તારમાં પહોંચી જયંતિ વણઝારાને દારૂ પીવડાવી અગમ્ય કારણોસર ગળું, દબાવી મોતને ઘાટ ઉતારી દઈ રાત્રે બાઈક પર ગોઠવી દઈ માલપુર, મોડાસા વાયા જીવણપૂર થઈ ફરીથી અંદરના રસ્તે જનાલીટાંડા અને કાળી ડુંગરી નજીક લાશને અકસ્માતમાં ખપાવવા ફેંકી દઈ પોતાને ઘરે પહોંચી ગયા હતા. ભિલોડા પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પીએમ રિપોર્ટમાં હત્યા થઈ હોવાનું બહાર આવતા ભિલોડા પોલીસે ગુન્હાનો ભેદ ઉકેલી નાખી બાબુભાઈ સરતાનભાઈ વણઝારાની ફરિયાદના આધારે હરજી ઠાકરુ વણઝારા અને ધર્મા શ્રવણ વણઝારા વિરુદ્ધ ગુન્હો નોંધી બંને હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.